# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

**1)** ભારતે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપ્રમુખ વચ્ચેની કથિત ફોન વાતચીત અંગે નાટો સચિવના નિવેદનને પાયાવિહોણું ગણાવ્યું

**2)** પ્રધાનમંત્રીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બિહારમાં મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાનો પ્રારંભ કરાવ્યો.

**3)** કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 21મો હપ્તો જાહેર કર્યો

**4)** વિશ્વ ખાદ્ય ભારત શિખર સંમેલનમાં એક લાખ કરોડ રૂપિયાથી વધુના કરાર થયાં.

**5)** એશિયા કપ ટી- 20 ક્રિકેટમાં શ્રીલંકાએ ટૉસ જીતી બૉલિંગ    કરવાનો નિર્ણય લીધો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MES BRIFFING

ભારતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની કથિત ફોન વાતચીત અંગે નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટના નિવેદનને ખોટું અને સંપૂર્ણપણે પાયાવિહોણું ગણાવ્યું છે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં આ અંગેના પ્રશ્નના જવાબમાં , વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે , આવી કોઈ વાતચીત થઈ નથી. અને ભારત અપેક્ષા રાખે છે કે નાટો જેવા મહત્વપૂર્ણ સંગઠનનું નેતૃત્વ તેના જાહેર નિવેદનોમાં વધુ જવાબદારી અને ચોકસાઈનો ઉપયોગ કરશે.

શ્રી જયસ્વાલે તમામ ભારતીય નાગરિકોને રશિયન સૈન્યમાં જોડાવા અંગેની તક નહીં સ્વીકારવા ભારપૂર્વક અપીલ કરી હતી , અને ચેતવણી આપી હતી કે, આવી તકોમાં જીવનું જોખમ છે.

. . . . . . .

# PM – MAHILA ROJGAR YOJNA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં વિડીયો કોન્ફરન્સ ના માધ્યમથી બિહારમાં મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાનો પ્રારંભ કરાવ્યો.

શ્રી મોદીએ બિહારમાં 75 લાખ મહિલાઓના બેંક ખાતામાં દરેકને દસ - દસ હજાર રૂપિયા જમા કરાવ્યાં હતાં. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ જણાવ્યું કે સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ મહિલા -કેન્દ્રિત યોજનાઓ અને કાર્યક્રમોથી સમાજના દરેક વર્ગને ફાયદો થયો છે . તેમણે જણાવ્યું કે આ યોજનાનો હેતુ સ્વરોજગાર અને આજીવિકાની તકો દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે.

(બાઇટ - પીએમ જન ધન યોજના)

પ્રધાનમંત્રીએ કહ્યું કે આ યોજના હેઠળ , રાજ્યના દરેક પરિવારમાંથી એક મહિલાને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. પ્રધાનમંત્રીએ મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલી વાતચીત કરી

. . . . . . . . . . . . .

# SHIVRAJ SINH CHAUHAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 21મો હપ્તો જાહેર કર્યો. આ પ્રસંગે, તેમણે જણાવ્યું કે આશરે બે લાખ 70 હજાર મહિલા ખેડૂતો સહિત 27 લાખથી વધુ ખેડૂતોના બેંક ખાતાઓમાં કુલ 540 કરોડ રૂપિયાથી વધુની રકમ જમા કરાવવામાં આવી છે.

હિમાચલ પ્રદેશ, પંજાબ અને ઉત્તરાખંડના પૂર પ્રભાવિત ખેડૂતોને પ્રાથમિકતા આપવામાં આવી છે જેઓ તાજેતરના પૂર અને ભૂસ્ખલનથી ગંભીર રીતે પ્રભાવિત થયા છે.

શ્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે આ હપ્તો ખેડૂતોને તાજેતરની આફતોમાંથી બહાર નીકળવામાં મદદ કરશે.

(બાઈટ – શિવરાજ સિંહ ચૌહાણ)

. . . . . . .

# PASWAN - WORLD FOOD INDIA

ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને કહ્યું કે, નવી દિલ્હીમાં આયોજિત વિશ્વ ખાદ્ય ભારત શિખર સંમેલન દરમિયાન એક લાખ કરોડ રૂપિયાથી વધુના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા . તેમણે કહ્યું કે આનાથી દેશભરમાં નવ લાખ રોજગારીની તકો ઉભી થશે.

પત્રકારો સાથે વાત કરતા , શ્રી પાસવાને કહ્યું કે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં વિકાસની અપાર સંભાવના છે અને આ સમિટ પ્રોસેસિંગ ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રથાઓ પ્રદર્શિત કરવા માટે એક મંચ પૂરું પાડી રહી છે.

. . . . . . . . .

# INDIA – UN- TERRORISM

ભારતે ફરી એકવાર આતંકવાદ સામે શૂન્ય -સહિષ્ણુતાનું વલણ અપનાવ્યું છે. ભારતે તમામ સ્વરૂપોમાં આતંકવાદ સામે લડવા માટે વૈશ્વિક એકતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો . વિદેશ મંત્રાલયના સચિવ , સિબી જ્યોર્જે આજે ન્યૂયોર્કમાં આતંકવાદના પીડિતોના મિત્રોના જૂથની છઠ્ઠી મંત્રીસ્તરીય બેઠકમાં ભારતનું નિવેદન આપ્યું હતું.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . .

# MANSUKH MANDAVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ આજે ગુજરાતના પોરબંદર ચોપાટી ખાતે સખી મેળા – 2025નો શુભારંભ કરાવ્યો. આગામી 30 સપ્ટેમ્બર સુધી યોજાનારા મેળામાં જિલ્લાના વિવિધ સખી મંડળોની મહિલાઓ દ્વારા સ્વદેશી કળા, હસ્તકળા અને પરંપરાગત વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે. મેળાનો હેતુ સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપી સ્વદેશી પ્રત્યે આકર્ષણ વધારવાનો છે.

શ્રી માંડવિયાએ મેળાની મુલાકાત લઈ વિવિધ હાટડીઓ પર બહેનો સાથે સંવાદ પણ કર્યો.

....

# SEWA PARV

જાહેર સેવા અને સુશાસનના મંત્રને અનુસરીને , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાક મહેનત કરી રહી છે. આજે, "સેવા પર્વ" ની આ ખાસ શ્રેણીમાં , અમે તમને મોદી સરકારે ઇન્ટરનેટ ક્રાંતિ દ્વારા સંદેશાવ્યવહારમાં કેવી રીતે પરિવર્તન લાવ્યું છે , સમગ્ર ભારતમાં ગામડાઓ , શહેરો અને લોકોને જોડ્યા છે. તે અંગે સાંભળીએ એક અહેવાલ.....

## (વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

*ભારતમાં બ્રોડબેન્ડ એક્સેસ અને આગામી પેઢીના મોબાઇલ ઈન્ટરનેટનો ઝડપી વિસ્તરણ ડિજિટલ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહ્યું છે. ભારતનેટ પ્રોજેક્ટે હેઠળ બ્રોડબેન્ડ ઇન્ટરનેટ કનેક્ટિવિટી બે લાખ 18 હજારથી વધુ ગ્રામ પંચાયતો સુધી પહોંચી છે. દૂરના વિસ્તારોમાં પણ. પાંચ વર્ષ પહેલાં, બિહારમાં ઓપ્ટિકલ ફાઇબર ઇન્ટરનેટ સેવા પ્રોજેક્ટ શરૂ કરતી વખતે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ગામડાઓમાં શહેરો કરતાં વધુ ઇન્ટરનેટ વપરાશકર્તાઓ હશે તેની કલ્પના કરવી મુશ્કેલ હતી , પરંતુ આજે તે વાસ્તવિકતા બની ગઈ છે.*

## (બાઈટ - નરેન્દ્ર મોદી)

નરેન્દ્ર મોદી સરકારના સતત પ્રયાસોને કારણે , ભારત મોબાઇલ ડેટા માટે વિશ્વના સૌથી સસ્તા દેશોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે. 2014 ની સરખામણીમાં ઇન્ટરનેટ ડેટાના ભાવમાં આશરે 97 ટકાનો ઘટાડો થયો છે. 5G કનેક્ટિવિટીના આગમનથી પણ મોટો ફેરફાર થયો છે.

દિલ્હીથી વિષ્ણુના અહેવાલ સાથે અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.

. .

# GST- STATIONARY - CAPSUL

આગામી પેઢીના GST સુધારાઓ દેશની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. લોકો હવે આ મહિનાની 22મી તારીખથી અમલમાં આવેલા GST સુધારાઓનો લાભ મેળવી રહ્યાં છે.

GST ના નવા કર માળખા હેઠળ સ્ટેશનરી ક્ષેત્રમાં થયેલા ઘટાડાથી નાગરિકોને નોંધપાત્ર રાહત મળી છે. આ અંગે સાંભળીએ અહેવાલ.....

(વોઈસ કાસ્ટ – કરન પરમાર)

*પરિવારો અને વિદ્યાર્થીઓને નોંધપાત્ર રાહત આપતા, સરકારે વિવિધ ક્ષેત્રો પર GST દર ઘટાડ્યા છે. આગામી પેઢીના GST સુધારાઓ હેઠળ, નોટબુક, ગ્રાફ બુક, શાર્પનર અને પેન્સિલ જેવી સ્ટેશનરી વસ્તુઓને સંપૂર્ણપણે કરમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ ક્ષેત્રમાં કર ઘટાડાથી વિદ્યાર્થીઓ પરનો નાણાકીય બોજ ઓછો થશે , જેનાથી આ ઉત્પાદનો વધુ સસ્તાં બનશે. અઢી હજાર રૂપિયાથી ઓછી કિંમતના પગરખાં પર પણ આવી જ છૂટ આપવામાં આવી છે. કર દરમાં આ નોંધપાત્ર ઘટાડો સામાન્ય માણસ માટે ઉત્પાદનોને પોસાય તેવું બનાવશે જ , પરંતુ ઉત્પાદન ઉદ્યોગ અને દેશના અર્થતંત્રને પણ વેગ આપશે. સરકારે લાકડા , પથ્થર અને ધાતુથી બનેલી મૂર્તિઓ પરના કર દરને પણ ઘટાડીને 5 ટકા કર્યો છે, જે અગાઉ 12 ટકા હતો.*

*આકાશવાણી સમાચાર સાથે વાત કરતા , દુકાનદાર સુધીરે સરકારના નિર્ણયની પ્રશંસા કરી અને આભાર વ્યક્ત કર્યો.*

(બાઈટ: સુધીર, દુકાનદાર)

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 21મી તારીખે નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો અપનાવવા અને ઘરેલુ ઉદ્યોગો , નાના ઉત્પાદકો , સ્થાનિક કારીગરો અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ - MSME ને ટેકો આપવા વિનંતી કરી. કરન પરમાર આકાશવાણી સમાચાર અમદાવાદ.*

. . . . . .

# ITALY DEPTY. PM

ઇટાલીના નાયબ પ્રધાન મંત્રી એન્ટોનિયો તાજાનીએ ભારત અને યુરોપિયન સંઘ વચ્ચે મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ માટે ઇટાલીના સમર્થનની પુષ્ટિ કરી છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલ સાથેની મુલાકાત બાદ, શ્રી તાજાનીએ કહ્યું કે ઇટાલી અને ભારત એક વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે એમ પણ કહ્યું કે તેઓએ ભૂમધ્ય સમુદ્ર , મધ્ય પૂર્વ, યુક્રેન અને ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વિકાસની ચર્ચા કરી.

. . . . . . . . . . .

# CRICKET

એશિયા કપ ટી-20 ક્રિકેટમાં સુપર ચાર મુકાબલામાં ભારત અને શ્રીલંકા વચ્ચે મૅચ રમાશે. દુબઈ ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં હમણાં થોડી જ ક્ષણોમાં આ મૅચ શરૂ થશે. મળતી માહિતી મુજબ, શ્રીલંકાએ ટૉસ જીતીને પહેલા બૉલિંગ_કરવાનો નિર્ણય કર્યો છે. ભારત પહેલા જ ફાઈનલમાં પહોંચી ગયું છે.

જ્યારે શ્રીલંકા ફાઈનલની દોડમાંથી બહાર થઈ ગયું છે. ફાઈનલમાં ભારત અને પાકિસ્તાન હવે રવિવારે સામસામે થશે.

. . . . . . .